# અમદાવાદના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ શહેર.

**ફોજદારી કેસ નંબર :– ૪૨૯૫૨/ ૨૦૨૩**
**આંક :–**

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિ રૂ ઘ્ધ**

**આરોપીઓ** :– (૧) મે. દુર્ગા મેડીકલ એજન્સી નામની પેઢી ઓઢવ,અમદવાદ

(૨) ચિરાગ પ્રહલાદભાઈ પરીખ તે માલિક મે. દુર્ગા મેડીકલ એજન્સી નામની પેઢી

(૩) સુનીલકુમાર માણેકલાલ ભાવસાર તે પેઢી સંચાલન કર્તા

(૪) ઓમ પાલ ચૌધરી રહે.રાજસ્થાન **(એબેટ)**

**ગુન્હો :– સને ૧૯૪૦ નો ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો અને તે અન્વયેના નિયમો તથા વખતો વખત અમલી બનેલ સુધારાની કલમ–૧૮(a)(vi),૨૨(૧)(caa) નિયમ ૬૫(૫)(૧), ૬૫(૫)(૩)(i),૬૫(૬) અને તેમજ શિક્ષાત્મક કલમ ૨૨(૩) મુજબ.**

૧). બંને પક્ષોની વિનંતીથી સદર કેસ આજરોજ લોકઅદાલતમાં મેજીસ્ટ્રેટના સ્પે. સીટીંગમાં નિર્ણયાર્થે લેવામાં આવેલ છે.
ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપી/ઓએ સંબંધીત **સને ૧૯૪૦ નો ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો અને તે અન્વયેના નિયમો તથા વખતો વખત અમલી બનેલ સુધારાની કલમ–૧૮(a)(vi),૨૨(૧)(caa) નિયમ ૬૫(૫)(૧),૬૫(૫)(૩)(i),૬૫(૬) અને તેમજ શિક્ષાત્મક કલમ ૨૨(૩) મુજબનો** ગુનો કરેલ છે. સંબંધીત પ્રોસીકયુશન તરફે કબુલાત પુરસીસ પરત્વે આરોપી પક્ષને યોગ્ય દંડ/સજા કરવા રજુઆત કરેલી છે.

૨). આરોપીપક્ષ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપી પક્ષને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવ્યા બાદ, આરોપી પક્ષનો જવાબ ગુના સબબ નોંધતા, આરોપી પક્ષે ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય આરોપી પક્ષે અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપી પક્ષે પોતાનાથી અજાણતા, ઈરાદા સિવાય, રોજબરોજની કામગીરીમાં તેમની વેપારી તરીકેની નબળી નાણાંકીય સ્થિતિના લીધે આવા પ્રકારનો ગુનો પ્રથમવાર થયાનું જણાવેલ હોય અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપેલ છે. આરોપી પક્ષે ગુનાનો એકરાર કરેલ હોય, સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપી પક્ષે જણાવેલ છે કે ન્યાયમૂર્તિ જે. એન. ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિ.અપીલ નં.૪૭૭/૨૦૦૨ વિગેરે) ના ચુકાદામાં યોગ્ય અને ખાસ કારણો હોય તો ન્યુનતમથી ઓછી સજા કરી શકાય તેવા સિઘ્ધાંતો પ્રસ્થાપિત કરેલા છે. આ સિવાય પણ રજુઆત કરેલ છે કે, (૨૦૧૫) ૩૮ જી.એચ.જે.૩૫૪ (સ્ટેટ ઓફ ગુજરાત વિ. રાજેશકુમાર રતનલાલ સીઘી) માં જુગારધારા કલમ–૪ ના કેસમાં લઘુત્તમથી ઓછો દંડ કરવાનો હુકમ થયેલ, તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર.૯૭૪ (રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ. સ્ટેટ ઓફ ગુજરાત), ૨૦૦૭(૨)) જી.એલ.એચ.૧૫૪ (ગુરૂમુખદાસ ટોપણદાસ વિ.ગુજરાત રાજય) ના કેસમાં પણ લઘુત્તમથી ઓછી સજા કરવાના સિઘ્ધાંથ સ્થાપિત થયેલા છે, જેનો લાભ આપવા અરજ કરેલ છે.

વધુમાં રજુઆત છે કે, હાલમાં નબળી નાણાકીય પરિસ્થિતિને લીધે વેપાર બંધ થયેલ છે કે વેપારની કામગીરી નહિવત થઈ ગયેલ છે. જેથી આક્ષેપીત ગુના સંબંધીત વેપાર બંધ થવાના આરે છે. વધુમાં રજુઆત કરેલ છે કે, જે તે સમયે ખોટી સલાહ મળવાના લીધે આ ગુનો થયેલ છે અને તેથી આરોપી પક્ષને કોઈ નાણાંકીય લાભ મળેલ નથી કે સરકારશ્રીને કોઈ રેવન્યુ લોસ થયેલ નથી. વધુમાં રજુઆત છે કે, જો મોટો દંડ કરવામાં આવે તો આરોપીની આર્થિક સ્થિતિ વધુ વિકટ બને તેમ છે અને કાયદાને માન આપવાની વૃત્તિ બતાવી હવે આવા પ્રકારનો અન્ય કોઈ ગુનો કરેલ નથી અને ભવિષ્યમાં પણ આવો ગુનો જાણતા કે અજાણતા નહી કરવાની ખાત્રી આપે છે.

૩). આ સિવાય આરોપી પક્ષે રજુઆત છે કે, સદર કેસ ઘણો જુનો હોય, ફકત પ્રથમ વખત જ આવા આક્ષેપ થયેલા હોય અને ત્યારબાદ ભવિષ્યમાં આવા કોઈપણ પ્રકારની ઘટનામાં સંડોવાયેલ ન હોય, આરોપી મોટી ઉમરના હોય તેમનો વેપાર ધંધો બંધ થયેલો હોય અને આરોપી પણ પોતે તેમજ કુટુંબમાં બીમારી ધરાવતા હોય જેથી સદર ગુનાની ગંભીરતા ઘટાડતા પરિબળો ધ્યાને લઈ તેનો લાભ આપવા વિનંતી કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, સંબંધીત કાયદામાં પણ યોગ્ય અને ખાસ કારણો હોય તો લઘુત્તમ કરતા ઓછો દંડ કરવાના પ્રબંધ કરેલ છે. સદરહું પ્રબંધ નહી હોવા બાબતે ફરીયાદપક્ષે રજુઆત કરેલ નથી.

૪). ઉપરોકત તમામ હકીકત, નામદાર હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત, સંબંધીત કાયદાના પ્રબંધો ધ્યાને લેતાં હાલનો કેસ ઉપરોકત હકીકતોએ ઉપરોકત દલીલો મુજબના ખાસ અને પુરતા કારણો હોય તે મુજબ ધ્યાને લેતાં સદર કેસ ફકત દંડ કરી ફેંસલ કરવામાં આવે તો તે ન્યાયોચિત જણાઈ આવે છે. આ બાબતે ફરીયાદપક્ષે પણ કોઈ વાંધો લીધેલ નથી, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

'' **હુકમ** ''

(૧) ઉપરોકત દરેક આરોપીને **સને ૧૯૪૦ નો ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો અને તે અન્વયેના નિયમો તથા વખતો વખત અમલી બનેલ સુધારાની કલમ–૧૮(a)(vi),૨૨(૧)(caa) નિયમ ૬૫(૫)(૧),૬૫(૫)(૩)(i),૬૫(૬) અને તેમજ શિક્ષાત્મક કલમ ૨૨(૩) મુજબ** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૨ હેઠળ તકસીરવાન ઠરાવી **દરેક આરોપીને રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** દંડ ભરવાનો તથા કોટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી નં.૨ તથા નં.૩ નાઓએ દંડ ભરવો.

(૩) આરોપીઓએ કુલ **રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)** દંડ ભરવો.

(૪) આ કામે આરોપી નં.૧ કંપની બંધ થયાની આરોપીપક્ષે એફીડેવીટ કરેલ હોય ફરીયાદપક્ષે તેથી વિરૂધ્ધ રજુઆત કરેલ ન હોય જેથી આરોપી નં.૧ કંપનીને અલગથી દંડ કરેલ નથી અને તેમની સામેનો કેસ પણ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬.
અમદાવાદ.

**(એસ. જે. પંચાલ)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.
કોડ નં. જીજે૦૦૮૬૪.